GJSK050005302020

**રે.દિ.મુ.નં.૧૭/૨૦**

**આંક–૫ ની અરજી લગત હુકમ.**

---

(૧)... વાદી તરફે હાલની અરજી સી.પી.સી.ઓર્ડર ૩૯, રૂલ્સ–૧,૨ તથા કલમ–૧૫૧ અન્વયે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે.

(૨)... આ કામે વાદીની આંક–૫ ની સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજીની વિગતે એવી દાદ માંગેલ છે કે , વાદીની વિજયનગર તાલુકાના નાલશેરી ગામે આવેલ સર્વે નં.–૩૬ પૈકી ૧ જેનો નવીન સર્વે નં.૫૮ હે.આરે. ચો.મી. ૧૫–૨૦–૭૨ ની ખેતીલાયક જમીનમાં અમો વાદીઓનો કુલ સ્વતંત્ર માલીકી હકકે કબજો ભોગવટામાં કોઈ હરકત હેલો થાય તેવું કૃત્ય કરાવે નહી કે પ્રતિવાદીઓ સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી બીજા કોઈને તબદીલ કરે કરાવે નહી અને અમો વાદીને વાદગ્રસ્ત ખેતીલાયક જમીનમાં ખેતી કરતા ,ઉપજ લેતાં , કોઈ અડચણ અંતરાય ઉભું થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહી કે ખેતીલાયક જમીનમાં અન્ય કોઈ ચીજવસ્તુઓને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહી. અમો વાદીઓના કાયદેસરના હકક, હિતોને નુકશાન થાય તેવું કૃત્ય કરે કરાવે નહી. પ્રતિવાદી વાદગ્રસ્ત જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી. આ દાવાના આખરી નિકાલ થતા સુધીનો અમો વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરુધ્ધમાં કામચલાઉ મનાઈ મેળવવા માંગણી કરેલ છે.

(૩)... વાદી તરફે તેમના દાવા તથા મનાઈ અરજીના સમર્થનમાં આંક–૪ ના લીસ્ટથી નિશાની ૪/૧ થી નિશાની ૪/૧૧ ના તથા આંક–૧૭ ના લીસ્ટથી

નિશાની ૧૭/૧ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં છે.જે ધ્યાને લેવામાં આવેલ છે.

**(૪)...** હાલના કામે વાદીના દાવાનો તથા આંક–પની મનાઈ અરજીનો સમન્સ આ કામના પ્રતિવાદીઓને બજતા આ કામના પ્રતિવાદીનં.૧ તથા પ્રતિવાદી નં. ર નાંઓ એ આંક–૧૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે જે અનુસાર અરજદારશ્રી વિજયનગર તાલુકાના નાલશેરી ગામના રહીશ છે. જેઓ નાલશેરી ગામના સીમ સર્વે નં.પ૮ (જુનો સર્વે નં.૩૬/૧) જેનું ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૧પ–ર૦–૭ર છે. જે સર્વે નં.માં અરજદારશ્રી થાવરાજી સંગાથ કબગો ભોગવટો ધરાવતા નથી. તેમજ મે. ના.કલે. હિમંતનગર વિભાગ હિમંતનગરના હુકમ નં.એલ. એન. ડી. / વશી/નાલશેરી/૮૮ તા.ર૯/૦૭/૧૯૮૮ થી ર.૦૦ એ.ગું જમીન અરજદારના ભાઈ સંગાથ સવજીભાઈ થાવરાજી ને ફાળવેલ છે. અરજદારશ્રી બચુભાઈ થાવરાજી સંગાથ દવારા મોજે–નાલશેરી તાલુકો વિજયનગર ના જુના સર્વે નં.–૩૬ પૈકી ૧ જેનો નવીન સર્વે નં.પ૮ વાળી જમીન માંગણી કરેલ હતી જે અંગે વિગતવાર દરખાસ્ત તૈગાર કરી મે. ના.કલે.સાહેબના તા.રપ/૧૦/૧૯ ના৷৷ પત્રથી અરજદારના પિતા થાવરા જીવાનું સને ૧૯૭૧–૭ર મા દબાણ હોવાનું રજુ થયેલ જુના હસ્ત લિખીત ૭/૧ર થી જણાય છે. તેમજ સદર સર્વે નં. પ૮ ની ર–૦૦ એ.ગું. જમીન માંગણી સામે અરજદારશ્રીના ભાઈ સંગાથ સવજીભાઈ થાવરાજી વાંધો દર્શાવેલ તેમજ અત્રેના તા.ર૯/૮/૧૯ ના પંચનામા મુજબ અરજદારશ્રીના ભાઈનો કબજો હોવાનું જણાય છે. તેમજ અરજદારના આવકના પુરાવા તરીકે વાર્ષિક આવક રૂા.૬૪,૦૦૦/– રજુ કરેલ છે. તેમજ પંચનામા મુજબ અરજદારશ્રી સિંચાઈ વિભાગમાં નોકરી કરતા હતા તથા દર માસ પેન્શન મેળવે છે. તથા એક પુત્ર ડેપો મેનેજર તરીકે બીજો પુત્ર આઈ.ટી.આઈ. માં નોકરી કરે છે. જેથી સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક દબાણ:૧ ૦૭ર–ર૮૭૬પ –લ તા.૮/૧/૮૦ ની જોગવાઈ મુજબ જમીનનું દબાણ દુર કરવાથી દબાણદારને હાર્ડમારી પડે તેમ કે કફોડી સ્થિતિમાં મુકાઈ જાય તેમ હોય તો જ જમીન દબાણ નિયમિત કરવાનું સ્પષ્ટ જણાવેલ છે. જયારે અરજદારશ્રીની આવક તથા

તેઓના પુત્રોની હાલની સ્થિતિ જોતાં દબાણ નિયમબધ્ધ કરી આપવા જણાતું ન હોઈ તે મુજબ અરજી દફતરે કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. આમ વાદીની અરજી પ્રથમ થી જ પાયા વિહોણી હોઈ જે પ્રથમ થી રદ થવા પાત્ર હોઈ રદ કરવા અરજ છે.

(૫)... આ કામે આંક–૧૬ થી વાદી તરફે પ્રતિવાદી નં.૧ તથા ૨ ના લેખિત જવાબ સામે રીજોઈન્ડર એફિડેવીટ રજુ કરેલ છે અને તે મુજબ તેઓએ તેમની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

ત્યાર બાદ બન્ને પક્ષો ધ્વારા જેમાં વાદી તરફે આંક–૧૯ થી લેખીત દલીલો કરેલ છે અને પ્રતિવાદીઓ તરફે મૌખીક દલીલો રજુ રાખેલ છે. જે તમામ ધ્યાને લીધી.

(૬)... પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓ તરફે તેમના દાવા તથા મનાઈ અરજી જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં. જે ધ્યાને લીધા.

(૭).. આ કામે આંક–પની કામચલાઉ મનાઈ અરજીનો ન્યાય–નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલાં છે :–

(૧)...શું વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨)...શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩)...જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપમાં ન આવે તો નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

(૪)...શું હુકમ ?

(૮)... ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧)...નકારમાં.

(૨)...નકારમાં.

(૩)...નકારમાં.

(૪)...આખરી હુકમ મુજબ.

-:: <u>કારણો</u> ::-

<u>મુદ્દા નંબર : ૧, ૨ તથા ૩</u> :-

**(૯)...** ઉપરોકત મુદ્દાઓ અન્વયે વાદીના તથા પ્રતિવાદીઓના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે. જેમાં આ કામના વાદી તરફે તેઓના વિ.વ.શ્રી એ તેઓની હાલની દાખલ કરવામાં આવેલી મનાઈ અરજીની મુખ્યત્વે હકીકતોને પોતાની દલીલોના સ્વરૂપે દોહરાવેલ છે તથા તેઓની હાલની મનાઈ અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે. આ ઉપરાંત હાલના કામે પ્રતિવાદીઓ તરફે પણ તેઓના વિ.વ.શ્રી. તરફે તેઓના જવાબની હકીકતોને જ દલીલ તરીકે દોહરાવેલ છે અને વાદીઓની હાલની અરજી ના મંજુર કરવા અરજ ગુજારેલી છે. વધુમાં સદર કામે મુદ્દાઓ નં. ૧થી ૩નાઓ હકીકતોની દૃષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવર્તન ટાળવા સારૂ ત્રણેયની ચર્ચા અહીં એકસાથે કરવામાં આવેલ છે.

**(૧૦)...** આ કામના વાદીએ સી.પી.સી. ઓર્ડર ૩૯, રુલ-૧ તથા કલમ-૧૫૧ તળે હાલની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી કરેલી છે તેંવા સમયે અદાલતે પ્રથમ દર્શનીયકેસ, સગવડા અગવડતાની સમતુલ્લા અને નાણાંકીય ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે. કાયદાની વિકસિત થયેલી પરિસ્થિતિ છે કે, આંક-૫ ના નિરાકરણ સમયે અદાલતે જે રીતે દાવાનો આખરી નિકાલ હોઈ તે રીતે તકરારી હકીકતનું નિરાકરણ કરવાનું નથી પરંતુ જો ચલાવી શકાય તેવો સારો કેસ વાદીનો રહેલો હોઈ અને હકીકત અને કાયદાના મહત્વના સવાલો ઉપસ્થિત થતા હોઈ તેવા સમયે તે હકીકતે પ્રથમદર્શનીય કેસ તરીકે ગણી શકાય.આ ઉપરાંત સાથેની કાયદાની એ વિકસિત થયેલી પરિસ્થિતિ છે કે, માત્ર પ્રથમ દર્શનીય કેસ હોવો એ કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવા પૂરતું નથી પરંતુ સાથે મનાઈ હુકમ મંજુર કે નામંજુર કરવાથી કયા પક્ષકારને કેવી અગવડતા સગવડતા ઉભી થશે તેનો વિચાર પણ કરવો જોઈએ અને ભરપાઈ થઈ શકે તેવુ નુકસાન મનાઈ હુકમ નામંજુર કરવાથી

થાય છે કે, કેમ ? તે અંગેનો પણ વિચાર કરવો જોઈએ અને આ ત્રણેય તત્વો જો એક સાથે સહઅસ્તિત્વમા હોય તો કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરી શકાય.

**(૧૧)...** સદર કામે હાલના દાવાનો સંપૂર્ણ રેકર્ડ દસ્તાવેજી પુરાવા સાથેનો ધ્યાને અને વંચાણે લીધો. સૌ પ્રથમ વાદી પક્ષ દ્વારા આંક–૫ માં જે દાદ માગવામાં આવેલ છે તે દાદ ધ્યાને લીધી. તે મુજબ વાદીની વિજયનગર તાલુકાના નાલશેરી ગામે આવેલ સર્વે નં.–૩૬ પૈકી ૧ જેનો નવીન સર્વે નં.૫૮ હે.આરે. ચો.મી. ૧ ૫–૨૦–૭૨ ની ખેતીલાયક જમીનમાં પ્રતિવાદીઓ વાદીના કબજા ભોગવટામાં કોઈ હરકત હેલો થાય તેવું કૃત્ય કરાવે નહી કે પ્રતિવાદીઓ સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી બીજા કોઈને તબદીલ કરે કરાવે નહી અને વાદીને વાદગ્રસ્ત ખેતીલાયક જમીનમાં ખેતી કરતા ,ઉપજ લેતાં , કોઈ અડચણ અંતરાય ઉભું થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહી કે ખેતીલાયક જમીનમાં અન્ય કોઈ ચીજવસ્તુઓને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરે કરાવે નહી તેમજ ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગેલ છે. આ તબકકે દાવા અરજીની દાદ જોતા તેમાં પણ તેઓ દવારા દાદા ૬ અ અને ૬ બ ને સયુંકત જોતાં જો હાલના તબકકે આંક–૫ માં માગવામાં આવેલી દાદ જો મંજુર કરવામાં આવે તો દાવામાં માગવામાં આવેલી દાદ બાબતે પ્રતિવાદી પક્ષને પોતાનો કેસ મુકવાની તક આપ્યા સિવાય આપો આપ મંજુર કર્યા બરાબર હોવાનું ધ્યાને લેતાં પણ હાલના તબકકે તે મુજબ આંક–૫ માં માંગ્યા મુજબ ની દાદ મંજુર કરવા પાત્ર જણાઈ આવતી નથી. વધુમાં રેકર્ડ પરના વાદી તરફેના દસ્તાવેજી આધારો નિ.૪/૯ તથા પ્રતિવાદી તરફેના રજુ થયેલ આંક–૧૧ ના જવાબ સાથેના દસ્તાવેજી આધારો જોતાં તેમાં સંગાથ બચુભાઈ થાવરાજીને એટલ ે કે હાલના વાદીને સ્પષ્ટ જણાવેલ છે કે પ્રશ્ન વાળી જમીનમાં અરજદારશ્રીના પિતા સંગાથ થાવરાજી જીવાનું સને ૧૯૭૧–૭૨મા ંદબાણ હોવાનું રજુ થયેલ જુના હસ્તલિખીત ૭ /૧૨ થી જણાય છે. આપની સર્વે નં.૫૮ ની ૨ એકર ગુંઠા જમીનની માંગણી સામે આપના ભાઈ સંગાથ રાવજીભાઈ થાવરાજીએ વાંધો દર્શાવેલ છે. વધુમાં પંચનામાની વિગતે જમીનમાં સંગાથ સવજીભાઈ થાવરાજીનો કબજો હોવાનું જણાવે છે.

આમ પ્રતિવાદી નં. ૧,૨ ના જવાબ સાથે રજુ થયેલ દસ્તાવેજોમાં રજુ થયેલ તા.૨૯/૮/૧૯ નું પંચનામું સ્પષ્ટ જણાવે છેકે આ જમીન સંગાથ સવજીભાઈ થાવરાજીની જમીન ઉપર કબજો છે વધુમાં સને ૨૯ /૭/૧૯૮૮ થી ના. કલે. હિંમતનગર વિભાગ હિંમતનગરનાઓએ કરેલ હુકમ મુજબ સર્વે નં.૩૬ પૈકી એકર ૨ ગુંઠા ૦.૦૦ વાળી જમીન કબજા હકકથી સંગાથ સવજીભાઈ થાવરાજીને કબજા હકક થી શરતોને આધીન કાયમી પણે હુકમ કરેલ છે જે ધ્યાને લેતાં હાલના કામના વાદી કે જેઓએ ૨૦૦૮ નું પંચનામું રજુ કર્યુ છે ત્યાર બાદ થયેલ પંચનામા મુજબ કે જેઓ હાલના દાવાના કામે પ્રતિવાદી નથી તેવા સંગાથ સવજીભાઈ થાવરાજી નો કબજો સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં હાલના રેકર્ડ પરથી હાલના કામના વાદી આ કામે કે જેના નામે અને કબજામાં જમીન આવેલી છે તેને પક્ષકાર તરીકે જોડેલ નથી. તેવા સંજોગોમાં હાલની દાવાની વાદગ્રસ્ત જમીન કે જે સરકારી પડતર છે અને તે ના. કલે.ના હુકમ આધિન સંગાથ સવજી થાવરાજીને શરતોને આધિન કબજા હકકથી સોપવાનો હુકમ થયેલ છે ત્યારે વાદી હાલના કેસમાં પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ જો કોઈ પ્રકારનો મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી વાદીને નહી પરંતુ જે પક્ષકાર તરીકે હાલના દાવામાં છે નહી તેને નાણા માં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. વધુમાં તા.૨૫/૧૦/૧૯ ના કલે.કચેરી ના પત્રને ધ્યાને લેતા તે સામે જયારે વાદી પાસે કાર્યવાહી કરવા માટેની ઓલ્ટરનેટીવ રેમેડી ઉપલ્બધ છે ત્યારે પણ તેમજ હાલના કામે વાદી દવારા તેઓને વાદગ્રસ્ત જમીન ફાળવવામાં આવેલ અંગે કોઈપણ પ્રકારનો દસ્તાવેજી આધાર પુરાવો રેકર્ડ પર વાદી પક્ષ લાવેલ નથી ત્યારે વાદી પક્ષ પ્રતિવાદી પક્ષ કરતા વધુ સારો હકક દર્શાવવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે પણ નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ નથી. વધુમાં જયારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ અને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન વાદીને થતું હોવા બાબતે વાદીનો કેસ પુરવાર થતો ન હોય ત્યારે અગવડતા સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં જણાઈ આવતી નથી.તેમજ વાદી દવારા રજુ કરવામાં આવેલ ગામના નમુના નં.૭/૧૨ માં સર્વે નં.

૫૮ વાળી જમીન સરકારી હોવાનું જણાઈ આવે છે તે સંજોગોમાં પણ વાદી આંક–૫ માં માગ્યા મુજબની દાદ મેળવવા થતા નથી. વધુમાં દાવાવાળી મિલકતના માલિક કબજેદાર હોવા અંગે કોઈ દસ્તાવેજી આધાર હાલના દાવાના કામમાં વાદી પક્ષ દારા રજુ રાખેલ નથી. આમ આ સંજોગોમાં વાદી ધ્વારા આંક–૫ માં માંગવામાં આવેલ દાદ જયારે દાવાની અમુક દાદ આપોઆપ કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કર્યા સિવાય મંજુર થાય તેમ હોઈ, જે સંજોગોમાં આંક–૫ માં જણાવેલ દાદ માટે એટલે કે વચગાળાની મનાઈ હુકમ ની દાદ માટે વાદીનો પ્રથમ દર્શનીય કેસ ઉપરોકત તમામ ચર્ચાઓ મુજબ જણાઈ આવતો નથી. આમ ઉપરોકત ચર્ચા મુજબ વાદીનો જયારે પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો નથી તેમજ જયારે વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. ત્યારે વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ અગવડતા સગવડતાની સમતુલા પણ વાદી નહિ પરંતુ પ્રતિવાદીની તરફેણમાં જણાઈ આવતું હોઈ ઉપરોકત તમામ ચર્ચાના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ ::–**

આથી વાદીની આંક–૫ ની અરજી નામંજુર યાને રદૃ કરવામાં આવે છે.

હાલની અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવું.

આ હુકમ આજ તા.૨૨ મી માહે–ફેબ્રુઆરી સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૨/૨૦૨૨.
સ્થળ: ખેડબ્રહમા

( હાર્દિક અરવિંદકુમાર ઉપાધ્યાય )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ખેડબ્રહમા
જજ કોડ નં. જીજે ૦૦૬૩૫